મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના બુલેટ રાઈડર્સ સ્પીતીવેલી પાર કરીને પરત

દુનિયાના સૌથી વધુ ઊંચાઈ ધરાવતા પાસ, ઊંચાઈ પર આવેલી પોસ્ટ ઓફિસ, યુધ્ધ મેમોરીયલની મુલાકાત લઈ શહેરના બુલેટ રાઈડર્સ હેમખેમ પરત ફર્યા

ગાંધીનગર, તા.૧૯

હાલમાં જ શહેરના યુવાનો બુલેટ રાઈડ કરીને આવ્યા અને તેમના કહ્યા પ્રમાણે તેમનો આ અનુભવ ખૂબ જ રસપ્રદ અને ચેલેન્જીંગ રહ્યો. તેઓએ લેહથી આગળ દુનિયાના ત્રણ સૌથી વધુ ઊંચાઈ ધરાવતા ૩ પાસ અને યુધ્ધ મેમોરીયલ સુધી બુલેટ પ્રવાસ ખેડયો હતો અને ૨૧ દિવસના આ રસપ્રદ પ્રવાસ પછી તેઓ હેમખેમ શહેરમાં પાછા ફર્યા છે.

શહેરના મેટલ હેડ રાઈડર્સ કલબ દ્વારા ૨૧ દિવસીય સાહસિક બુલેટ રાઈડ ખેડવામાં આવી હતી. જેમાં શહેરના ૨૩ થી ૫૭ વર્ષના કુલ ૧૨ રાઈડર્સ એ ભાગ લીધો હતો. તેઓ દ્વારા અંદાજીત ૬૫૦૦૦ કિલોમીટરની બુલેટરાઈડ કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરથી તેઓ જોધપુર ઓમ્ બન્નાના દર્શન કરી આગળ વધ્યા હતા. ત્યારબાદ ડેલહાઉસી ત્યાંથી ચંબા અને બહરાગઢ અને છેલ્લે સાયપાસ પહોંચ્યા હતા. સાયપાસમાં અચાનક બરફની દિવાલ વચ્ચે આવતા તેમને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો ત્યારે તેઓએ ૧૫ થી ૨૦ ડિગ્રી ટેમ્પ્રેચરમાં ૫૦ ફૂટ દિવાલની વચ્ચે ટેન્ટમાં રાતવાસો કર્યો હતો ત્યારબાદ તેઓ બાટલાયલા પાસ પહોંચ્યા હતા અને પછી તાંગલાગલા પાસ પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ લેહ પહોંચ્યા અને લેહમાં નદીઓનો સંગમ, પ્રખ્યાત ગુરુદ્વારા અને શાંતિસ્તૂપની મુલાકાત કરી હતી. ખારદુંગલા પાસ તુરતુક જયાં શ્યોક રિવર આવેલી છે ત્યાં બુલેટ લઈને પહોંચ્યા હતા. તુરતુકમાં બાલિસ્તાનમાં ૧૯૭૧ના યુધ્ધમાં જે ત્રણ ગામો આપણી પાસે છે જે પાકિસ્તાનને નથી અપાયા તે ત્રણ ગામ થાંગ, ત્યાસ્કી અને ચોમાખ્યાની મુલાકાત લીધી જે પાકિસ્તાન બોર્ડર ઉપર છે. ત્યાંની પ્રજાને બલિ પ્રજા કહેવાય છે. શ્યોક રિવરના કિનારે શ્યોક મેમોરીયલની મુલાકાત લીધી હતી.

હુંડર રણ જે દુનિયાનું સૌથી ઊંચાઈ વાળુ રણ કહેવાય છે ત્યાંની વિશેષતામાં તેમને ડબલ કાંધ વાળા ઊંટ જોવા મળ્યા. દિસ્કીટ જયાં બુધ્ધનું સૌથી મોટું સ્ટેચ્યુ છે. પેન્ગોગ લેક જે દુનિયાનો પ્રખ્યાત લેક છે. ચુસુલ ગામમાં ચુસુલ યુધ્ધ મેમોરિયલ જોયું તથા રેઝાંગલા મેમોરિયલ પર ૧૯૬૨માં ચાઈના અને ભારતની વચ્ચે યુધ્ધ થયું હતું જે પરમવીર ચક્ર શીતલસિંગ ભાટીના નેતૃત્વ હેઠળ થયું હતું. જેમાં ૫૦૦૦ ચાઈનાના સૈનિકો સામે ભારતના ૧૧૪ સૈનિકોએ શહીદી વ્હોરી જીત મેળવી હતી.

ત્યારબાદ નોયામા અને લોમા, સ્ટોમોરીટી લેક જોયું. સ્પિતી વેલી જે દુનિયાની સૌથી સોંદર્યપ્રદ વેલી છે જયાં દુનિયાના ભયાનક રસ્તાઓમાંનો એક છે ત્યાં બરફ પીગળતા પાણીની અંદર પથ્થરોની વચ્ચે બાઈક ફસાઈ જતા હતા અને આગળ વધી નહતું શકાતું એટલે ત્યાં જ રાતવાસો કરી ટેન્ટ બાંધી રાઈડરો રહ્યા હતા.

ત્યાદબાદ કાઝા જયાં દુનિયાની સૌથી વધુ ઊંચાઈની પોસ્ટ ઓફિસ છે તેની વિઝીટ કરી. રાઈડર્સે પોતાના ઘરે લેટર પોસ્ટ કર્યો હતો. ત્યાં જ બીજું ગામ લાંગ્ઝા જે વર્લ્ડનુ હાઈએસ્ટ ઉંચાઈનું ગામ છે ત્યાં વિશ્વ પ્રખ્યાત બુધ્ધ મંદિરની મુલાકાત લીધી હતી.

નાકો અને પૂહમાં ત્યાંની બટાલીયન સાથે વિઝીટ કરી આર્મી કેન્ટીનના પ્રખ્યાત સમોસા અને જલેબી આરોગ્યા હતા. નારકંડા જયાં વિશ્વ પ્રખ્યાત સફરજનની ખેતી થાય છે એ ફાર્મની મુલાકાત લીધી.

છેલ્લે શીમલા, ચંદીગઢ અને ત્યારબાદ જોધપુર ઓમ બન્નાના દર્શન કરી ગાંધીનગર પરત ફર્યા હતા.

બુલેટ રાઈડર્સના કહ્યા મુજબ, દરેકનો અલગ અલગ અનુભવ રહ્યો . એક વખત તો પાછા જવાની પણ ઈચ્છા થઈ ગઈ છતાં તેઓ આંખ બંધ કરી આગળ વધ્યા હતા. દૂર બરફના રસ્તા પર સ્લિપ થવાથી લઈને જમ્યા વગરના દિવસો પસાર કરી હસ્તા હસ્તા તેઓએ આ સફર પૂરી કરી હતી. મેટલ હેડ રાઈડર્સના જયેન્દ્રસિંહ સોલંકીના કહ્યા મુજબ અમારી સાથે અમુક નોન રાઈડર્સ પ્રથમ વખત જોડાયા હતા. છતાયં જોશ સાથે તેઓ રસ્તામાં આવતી દરેક મુશ્કેલીનો સામનો કરી એક દિવસ જમવાનું પણ ન મળે તો પણ ફરિયાદ કર્યા વગર પુરા સફરમાં હળીમળીને આગળ વધ્યા હતા. એક વખત તો અમે મુલાકાત લીધેલી દરેક જગ્યા સુધી દરેકે પહોંચવું જ જોઈએ અને પરિસ્થિતિને અનુભવવી જોઈએ.

સેકટર-૩-બીમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું : ૨.૫૭ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં જ સેકટર-૨૬ કિસાનનગર અને વાવોલમાં થયેલી ઘરફોડ ચોરીનું પગેરુ હજુ પોલીસને મળ્યું નથી ત્યાં વધુ એક ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે. શહેરના સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ધોળા દિવસે ગણતરીના કલાકોમાં ચોરી કરીને પલાયન થઈ જતી ચોર ટોળકી પોલીસ માટે પણ પડકારરૂપ બની રહી છે. ત્યારે શહેરના સેકટર-૩ બી ખાતે રહેતો પરિવાર ગણતરીના કલાક માટે કામઅર્થે ગયો હતો. તેટલા સમયમાં તસ્કરોએ સોના-ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂ. ૨.૫૭ લાખની મતાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં વાવોલ, સેકટર-૨૬ કિસાનનગર અને સેકટર-૩ બી માં થયેલી ચોરીની એમઓ એક જ પ્રકારની હોવાનું સામે આવ્યું છે. મળતી વિગત મુજબ બાપુનગર ઈએસઆઈસી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. વિનોદ એ. રસાલા પોતાના પરિવાર સાથે સવારે સાત વાગે બહાર ગામ ગયા હતા અને બપોરે બે વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. તે સમયે ઘરના મુખ્ય દરવાજાનો નુકચો તુટેલી હાલતમાં હતો અને ઘરમાં રહેલ સામાન વેરવિખેર થઈ ગયો હતો. ઘરના સભ્યોએ અંદર તપાસ કરતા સોના-ચાંદીના દાગીના, રૂ.૭૮ હજાર રોકડા મળી કુલ રૂ. ૨.૫૭ લાખની ચોરી થવા પામી છે. ચોરીની જાણ થતા સેકટરના વસાહતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. બનાવ અંગે જાણ કરવામાં આવતા સેકટર-૭ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે આવી ગઈ હતી અને બનાવ અંગે ફરીયાદ નોંધાતા ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

રાયસણ ગુડાના મકાનના મીટરબોક્ષમાં આગ ભભુકી ઉઠી

રાયસણ ખાતે આવેલા પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસના બ્લોક નં- જે ના ભોંયતળીયે આવેલા મીટરબોક્ષમાં શુકવારના રોજ બપોરના સુમારે અચાનક આગ ભભુકી ઉઠી હતી. જો કે ઓવરલોડને પગલે મીટરબોક્ષમાં આગ લાગતા તમામ મીટરો બળીને ખાક થઈ ગયા હતા. જો કે સદનસીબે કોઈ મોટી જાનહાની થવા પામી ન હતી. આગને પગલે તમામ મકાનોની લાઈટ જતી રહેતા અન્ય નાગરીકોને લાઈટ આવવાની રાહ જોવી પડી હતી.

અન્નનો વેડફાટ સામાજિક ગુન્હો ગણાવો જોઈએ : પૂ. ઉદય વલ્લભસૂરિજી

ગાંધીનગર, તા.૧૯

'અન્ન પાણીનો વેડફાટ કરવો એ સામાજિક ગુન્હો ગણાવવો જોઈએ' આ શબ્દો આજે સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસે પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદ્યવલલ્ભસુરિ મ.સા.એ તેમના દૈનિક પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે ગુજરાતી પ્રજાની ભોજન શૈલીમાં કયાંય વેડફાટને સ્થાન નથી. અહીં વધેલી રોટલીના પણ ખાખરા બને છે અથવા ભૂખ્યાં પ્રાણીઓને પીરસવામાં આવે છે.

પૂ. ઉદયવલ્લભસૂરિજીએ જણાવ્યું હતું કે વધેલા ભાતમાંથી વઘારેલો ભાત એ ગુજરાતી પ્રજાની વેડફાટ વગરની ભોજન શૈલી છે. જમ્યા પછી એઠું મુકવું એ સામાજિક ગુન્હો ગણાવો જોઈએ. જૈનધર્મા થાળી ધોઈને પીવાની પરંપરા છે. આ સાથે તેમણે જાહેર કર્યું હતું કે ગત તા. ૨૮મી એપ્રિલથી અંદાજે ૨૫૦૦થી વધુ યુવકોએ માત્ર એક જ બાલદીથી સ્નાન કરી 'નો-શાવર' કેમ્પઈન ચાલુ કર્યું છે જેના કારણે માત્ર ૨ માસમાં જ અંદાજે ૧.૮૦ કરોડ લીટર પાણીની બચત થવા પામી છે.

ધન્યભાગ સેવા કા અવસર પાયા...

ગુરૂપૂર્ણિમા નિમિત્તે અરવિંદ કેન્દ્ર ખાતે શાસ્ત્રીય ગાયનની દક્ષિણા

ગાંધીનગર, તા.૧૯

અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે નિયમિત શાસ્ત્રીય સંગીતના વર્ગો ચાલે છે. કલાગુરૂ પિનાકીન વ્યાસ દ્વારા સંગીતની સાધના કરાવાય છે. ગુરૂ પૂર્ણિમાને દિવસે મહર્ષિ અરવિંદની નિશ્રામાં સંગીત સાધકો એમના ગુરૂને શાસ્ત્રીય ગાયન વાદન સાથે ગુરૂ દક્ષિણા અર્પણ કરે છે.

ગુરૂ પૂર્ણિમાના દિવસે આયોજિત આ કાર્યક્રમમાં હરિવંશરાય પૂજારા, પ્રણય ચૌહાણ, પારૂલ મહેતા, સેજલવાળા, મુકેશ શુકલ, દર્શનરાજ પટેલ, નિસર્ગ ચૌધરી, ઓમ પંડયા, દક્ષિલ રાઠોડ, જેની વૈષ્ણવ, અમિષા સોલંકી, ભવ્યા રાઠોડ, વૈશ્વી પૂજારા, ભાવિકા પંચાલ, વૃંદા વ્યાસ, નૈસર્ગી જોષી દ્વારા રાગ કેદાર, બિહાલ, યમન, હમીર, છાયાનટ, મિયાં મલ્હાર, મારૂ બિહાગ ની પ્રસ્તુતી કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમમાં તબલા સંગીત અરવિંદ વોરા દ્વારા કરવામાં આવી જયારે વિશેષ ઉપસ્થિતિમાં શ્રીકાંત વાદ્ય દ્વારા વાયોલીન વાદન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, લાયોનેસના આરતી ભટ્ટ સહિત અનેક સંગીત પ્રેમીઓએ સંગીતમય ગુરૂ પૂર્ણિમાના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આદિવાસી યુવાનો અનોખું વાદ્ય 'ડોવડું' લઈને આવ્યા

દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાંથી આદિવાસી ચૌધરી સમાજના આશરે ૫૦ જેટલા યુવાનોનું એક જુથ વિધાનસભાની મુલાકાતે : તેમના વિસ્તારનું પ્રચલિત વાદ્ય 'ડોવડું' મુખ્યમંત્રીને ભેટ આપવા લઈને આવ્યા

ગાંધીનગર, તા.૧૯

આજે વિધાનસભાની મુલાકાતે આવેલા દક્ષિણ ગુજરાતના આદિવાસી ચૌધરી વિસ્તારના ૬૦ જેટલા યુવાનોએ મુખ્યમંત્રીને તેમનું પરંપરાગત વાદ્ય 'ડોવડું'ની ભેટ આપી હતી. 'ડોવડું' લઈને આવેલા આ યુવાનો તમામ મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

અત્યારે વિધાનસભાનું ચોથું સત્ર ચાલી રહ્યું છે અને રાજયભરમાંથી વિવિધ શાળા કોલેજો, સ્વૈચ્છિક મંડળો તથા સંસ્થાઓ વગરેના પ્રતિનિધિઓ તથા મંત્રીઓ ધારાસભ્યના વિસ્તારના કાર્યકર્તાઓને વિધાનસભાની કાર્યવાહી જોવા માટે બોલાવાય છે. દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત મુલાકાતીઓના ટોળા વિધાનસભા સંકુલમાં ઉમટી પડે છે તેમાં દરેક જુથની મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અથવા અધ્યક્ષની મુલાકાત પણ ગોઠવાય છે જેમાં કોઈ ચિત્રકાર તેણે દોરેલું ચિત્ર તો કોઈ પોતાના વિસ્તારની વખણાતી કોઈ વાનગી ભેટ આપવા લઈને આવે છે. આજે સુરત, ડાંગ, તાપી, વલસાડ અને વ્યારા જેવા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાંથી આદિવાસી ચૌધરી સમાજના આશરે ૫૦ જેટલા યુવાનોનું એક જુથ વિધાનસભાની મુલાકાતે આવ્યું હતું. તેમણે મુખ્યમંત્રી સાથે પણ મુલાકાત કરી હતી. આ યુવાનો તેમના વિસ્તારનું પ્રચલિત વાદ્ય 'ડોવડું' મુખ્યમંત્રીને ભેટ આપવા લઈને આવ્યા હતા.

કુદરતી વસ્તુઓથી બનતું 'ડોવડું' સંપૂર્ણ ઈકો ફ્રેન્ડલી

આદિવાસી ચૌધરી સમાજનું પરંપરાગત વાદ્ય 'ડોવડું' સુકવી નાંખવામાં આવેલ દૂધી, વાંસ, તાડના પાન, મધપુડાનું મીણ, સુતરની દોરી તથા મોરપંખના ઉપયોગથી બનાવવામાં આવે છે. વાદ્યને ફુંકવાથી વાગે છે જે આદિવાસીઓ દ્વારા તેમના પાકની પહેલી ફસલ તૈયાર થાય ત્યારે તેને તેમના આરાધ્ય દેવને ધરાવતી વખતે દેવપૂજનમાં વગાડવામાં આવે છે.

સંપૂર્ણ પણે કુદરતી ચજવસ્તુઓનો ઉપયોગ કરીને બનતું આ વાગ્ય ફૂંકીને વગાડવામાં આવે છે અને ચૌધરી સમાજ તેને જયારે અનાજની પહેલી ફસલ પાકે ત્યારે દેવોને ચઢાવતી વેળા દેવપૂજનમાં વગાડે છે. આ વાદ્ય તસ્વીરમાં તુષાર ચૌધરી નામનો યુવાન વગાડતો દેખાય છે તેના દાદા જમશીભાઈ ચૌધરીએ પોતાના હાથે બનાવ્યું છે. વિધાનસભા સંકુલમાં દરરોજ ગુજરાતના વિવિધ વિસ્તારની સંસ્કૃતિની ઝલક જોવા મળે છે.

@ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ સુધી કેસરી ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન મીસ્ટ ગૂટીકાના કલાત્મક હિંડોળાના દર્શન થશે.

● ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સંદિપભાઈ પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૬૦, ચંદ્રલોક સોસાયટી, વાવોલ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારી સમિતિની માસિક બેઠક સાંજે ૪.૩૦ કલાકે સે-૫-બી ૬૩૦/૨ ખાતે યોજાશે.

● બેંક ઓફ બરોડાની ત્રણેય બ્રાંચ ખાતે સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

કુડાસણ ખાતે નિઃશુલ્ક એકયુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

આજે કુડાસણ ખાતે વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે એકયુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૨૧ ખાતે યોજાનાર કેમ્પમાં કમર દર્દ, મણકા, સાંધા, ગરદન, માથુ, હાથ પગનો દુઃખાવો, વા, નસ, ગેસ તેમજ માનસિક બિમારી સહિત અન્ય રોગો માટે સુજોક થેરાપી, એકયુપંચર, મેગ્નેટ થેરાપી અને એકયુપ્રેશર થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરી આપવામાં આવશે. સંસ્થા દ્વારા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

બીઓબી ગેઝીયા શાખા દ્વારા આજે જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

આજે બેંક ઓફ બરોડાના ૧૧૨મા સ્થાપના દિન નિમિત્તે વસાહત ફોરમ દ્વારા કીટ વિતરણ, કાનૂની શિબિર અને જનજાગૃતિ અભિયાન સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સે-૧૩ સેવા વસ્તી ગણેશ ચોક ખાતે યોજાશે. જેમાં નાગરિકોને ઉપસ્થિત રહેવા રિસીકાશમી દ્વારા જણાવાયું છે.

આજે સંસ્કૃતિ કલા સંસ્થા દ્વારા કિશોરકુમારના ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

આજે પાટનગરની જાણીતી કલાસંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા રાત્રે ૯.૧૫ કલાકે શહેરના ટાઉનહોલ ખાતે ફિલ્મી જગતના લોકપ્રિય અને સદાબહાર ગાયક કલાકાર કિશોરકુમારના કંઠે ગવાયેલા ગીતોનો કાર્યક્રમ 'ગોલ્ડન એરા ઓફ કશોરકુમાર' શિર્ષક તળે પ્રસ્તુત થશે.

કિશોરકુમારના અવાજની ભરપૂર નીકટતા ધરાવતા અને વોઈસ ઓફ કિશોરકુમારનું બિરૂદ પામેલા ગુજરાતના યુવા કલાકાર ભૂષણ આવસત્થીના કંઠે આ કાર્યક્રમ પ્રસ્તુત થશે. તેમને જયોતિ ક્રિશ્ચિયન અને પરીષી વર્મા સાથ આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીત નિયોજક હિરેન પરમાર સંભાળશે. વર્ષ ૨૦૧૯-૨૦ના આ પ્રથમ કાર્યક્રમના નિમંત્રણ પત્રો સભ્યોને રવાના કરી દેવામાં આવ્યા છે જો કોઈને ન મળ્યા હોય તો સંસ્થાના મહામંત્રી મનોજ શુકલ મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯નો સંપર્ક સાધવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ કેશુભાઈ જીવરાજભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. ઠાકોર બાલુબેન મણાજી, ઉ.વ. ૬૦